કુ. સી. એલ. મહેતા, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત,
અમદાવાદ.
રીકવરી અરજી નં.૩૧૧/૨૦૧૬.

આંક–૧૨ .

**અરજદાર:–**

**૧.** શ્રી સુરેશભાઈ ખુશાલભાઈ પરમાર
રહે. ઈન્દીરાનગર, ગામ– કુજાડ,
તા. દસ્ક્રોઈ જી. અમદાવાદ
૮/૦.મીસેલીનીયસ ઈન્ડસ્ટ્રીઝ મજદુર સંઘ,
ઓફિસ: નગીનદાસ મ્યુનિસીપલ પુસ્તકાલયની બાજુમાં,
રખીયાલ ચાર રસ્તા પાસે, રખીયાલ, અમદાવાદ–૨૧.

**: વિ રૂ ઘ્ધ :**

**સામાવાળા :–**

**૧.** સોમેટ મશીનરી ઈન્ડીયા
૭, ગોપાલ એસ્ટેટ હર્ષદ ચેમ્બર્સની પાછળ,
એમ. બી. સ્કુલની સામે, ભીષુક ગૃહ,
ઓઢવ, અમદાવાદ

**વિષય** : ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૩૩સી(૨) મુજબ

અરજદાર તરફે : વિદ્વાન પ્રતિ. શ્રી એસ બી મિશ્રા
સામાવાળા તરફે : જાતે.

**: હુકમ :**

**–––––––**

આ કામમાં અરજદારે આ કામના સામાવાળા સંસ્થા વિરુધ્ધ આ અરજી દાખલ કરીને જુલાઈ, ઓગસ્ટ ૨૦૧૫ નો કરેલા કામનો બાકી પગાર રૂા. ૯,૦૦૦/– ,સને ૨૦૧૪ થી ૨૦૧૫ સુધીના હકક રજાની રકમ રૂા. ૩,૯૦૦/– જાન્યુઆરી થી ડીસેમ્બર ૨૦૧૪ સુધીના ઓવરટાઈમના તફાવતની રકમ રૂા.૪૬,૮૦૦/– ,સને ૨૦૧૪–૨૦૧૫ ના નહી ચુકવી આપેલ બોનસની રકમ રૂા. ૭,૮૦૦/– તેમ મળી સામાવાળા પાસેથી રૂા. ૬૭,૫૦૦/– વસુલ અપાવા તથા સદર લેણી રકમનું રીકવરી સટીફીકીટ સામાવાળા વિરુધ્ધ કાઢી આપવા તથા અરજી ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા માટે વિનંતી કરેલ છે.

આ કામમાં આંક ૨ થી અરજદાર તેઓના વિ. વ. શ્રી મારફતે હાજર થાય છે અને આંક ૩ થી સામાવાળા સંસ્થાને નોટીસ કાઢવામાં આવેલ છે જે સામાવાળા સંસ્થાને બજે રેકર્ડ ઉપર છે.

આ કામમાં અરજદાર તરફથી આંક ૧ ની અરજી આપીને તેમાં જણાવેલ છે કે તેઓ સામાવાળા સંસ્થામાં કારીગર તરીકે કાયમી કામદાર તરીકે નોકરીની ફરજો બજાવતા હતા અને તેઓને દૈનિક રૂા. ૩૦૦/– પ્રમાણે સામાવાળા પગાર આપતા હતા. સંસ્થાએ હાજરી કાર્ડ, પગાર સ્લીપ આપતા ન હતા જેની માંગણી કરતા તા. ૬/૮/૧૫ ના રોજ નોકરીમાંથી છુટા કરેલા છે તેઓને સંસ્થા તરફથી જુલાઈ , ઓગસ્ટ ૨૦૧૫ ના કરેલા કામનો પગાર,સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષની હકક રજા કે તેના બદલામાં રોકડમાં તેનુ વળતર ચકવેલ નથી, જાન્યુઆરી ૨૦૧૪ થી ડીસેમ્બર ૨૦૧૪ સુધીની ઓવરટાઈમ કામગીરી કરાવેલ છે જેનું સીંગલ પ્રમાણે વેતન ચુકવી આપેલ છે જેથી ડબલ પ્રમાણે ઓવરટાઈમ વેતન તફાવતની રકમ મેળવવા માટે હકકદાર છે અરજદારને સામાવાળા પાસેથી ૨૦૧૪ – ૧૫ નું બોનસ ચુકવી આપેલ નથી જેથી અરજદારને સામાવાળા પાસ

ેથી જુલાઈ, ઓગસ્ટ ૨૦૧૫ નો કરેલા કામનો બાકી પગાર રૂા. ૯,૦૦૦/– ,સને ૨૦૧૪ થી ૨૦૧૫ સુધીના હકક રજાની રકમ રૂા. ૩,૯૦૦/– ,જાન્યુઆરી થી ડીસેમ્બર ૨૦૧૪ સુધીના ઓવરટાઈમના તફાવતની રકમ રૂા.૪૬,૮૦૦/– સને ૨૦૧૪–૨૦૧૫ ના નહી ચુકવી આપેલ બોનસની રકમ રૂા. ૭,૮૦૦/– તેમ મળી સામાવાળા પાસેથી રૂા. ૬૭,૫૦૦ /– વસુલ અપાવા તથા સદર લેણી રકમનું રીકવરી સર્ટીફીકીટ સામાવાળા વ્રિુધ્ધ કાઢી આપવા તથા અરજી ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા માટે વિનંતી કરેલ છે.

આ કામમાં આંક ૫ થી સામાવાળા તરફે તેઓનો લેખિત જવાબ રજુ કરીને અરજદારે અરજીમાં જણાવેલી તમામ વિગતોને ઈન્કાર કરીને જણાવેલ છે કે અધિનીયમની કલમ ૩૩ સી ૨ હેઠળ અરજીમાં અરજદારની તરફેણમાં નવો હકક ઉભો કરવાનો અધિકાર પહોચતો નથી અને અરજદારે તેમાની અરજીમાં જણાવેલ વિગતોનો ઈન્કાર કરીને જણાવેલ છે કે સામાવાળા સંસ્થાને ગુમાસ્તા ધારો લાગુ પડે છે અને સંસ્થામાં છ કામદારો કામ કરે છે. અરજદાર તા . ૧/૪ /૧૧ ના રોજ નોકરીમા દાખલ થયેલા અને તેમનો છેલ્લો દૈનિક પગાર રૂા. ૩૦૦/– હતો. અરજદાર સંસ્થામાંથી ઓગસ્ટ ૨૦૧૫ નો માસીક પગાર રૂા. ૬,૨૨૦/– આવીને લઈ ગયા બાદ તેઓ સપ્ટે. ૨૦૧૫ થી તા. ૯/૧૨/૧ ૫ સુધી ૩ મહીના અને ૧૦ દિવસ ગેરહાજર રહેલા ત્યારબાદ તા. ૧૦/૧૨/૧૫ ના રોજ આવેલ હતા અને રાજીનામું આપવું છે તેવુ જણાવતા તે સંદર્ભે પુછતા અરજદારે જણાવેલ કે તેઓને બીજી જગ્યાએ સારી નોકરી મળી ગયેલ છે તેથી સંસ્થામાંથી રાજીનામુ આપવુ છે.આમ તેઓ તા. ૧૦/૧૨/૧૫ ના રોજ સ્વેચ્છીક રાજીનામુ આપેલ અને સંસ્થાએ તેમનો સ્વીકાર કરીને નોકરીમાંથી છુટા કરેલ છે. આ તમામ બાબતો ધ્યાને લેતા અરજદાર સામાવાળા સંસ્થામાં ૪ વર્ષ અને ૮ માસ નોકરી કરેલ છે ૨૪૦ દિવસ સંસ્થામાં કરેલ નથી. અરજદારની

રીકવરી અરજીની કોઈપણ જાતની રકમ મેળવવા હકકદાર બનતા ન હોય . અરજદારની અરજી રદ કરવા માટે જણાવેલ છે.

આ કામે આંક ૬ થી અરજદાર તરફથી તેઓની જુબાનીની સોગદનામું રજુ કરેલ છે. જે વંચાણે લેતા તેમાં અરજીમાં જણાવેલી વિગતોને સમર્થન આપેલ છે અરજદાર તરફથી આંક ૭ થી અરજી આપીને સામાવાળા સંસ્થાના અરજદારનું ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવા માટેની વિનતી કરેલી. જે અરજી મારા અગાઉના વિ.ન્યાયાધીશશ્રી ધ્વારા સુનાવણી માટે રાખવામાં આવેલી અને ત્યારબાદ આ અરજી મંજુર કરેલી અને આંક ૮ થી અરજદાર તરફથી કલોઝીગ પુરસીસ આપવામાં આવેલી છે જે રેકર્ડ ઉપર લેવામાં આવેલી છે.

**આંક ૯ ના દસ્તાવેજી લીસ્ટથી બીજ પક્ષકાર તરફથી એક(૧) દસ્તાવેજ રજુ કરવામાં આવેલો છે જે નીચે મુજબ છે.**

(૧)નીશાની ૯/૧ થી અરજદારની પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી અરજી નં. ૨૯૫/૧૬ માં કન્ટ્રોલીગ ઓથોરીટીશ્રી એ કરેલ હુકમ તેની નકલ. તા. ૧૫/૯/૧૭

આ કામમાં અરજદાર તરફે આંક ૧૦ ની અરજી આપીને તેમા સામાવાળાનો સાક્ષી પુરાવાનો હકક બંધ કરીને આ કામ હુકમ પર લેવા માટેની વિનંતી કરેલી. જેમાં મારા અગાઉના વિ. ન્યાયાધીશશ્રી ધ્વારા સામાવાળાના પુરાવાનો હકક બંધ કરેલો. ત્યારબાદ અરજદારના વિધ્વાન પ્રતિનીધીશ્રીને સાંભળવામાં આવેલ અને અરજદારે આંક ૧૧ ની અરજી આપીને તેમાં સદર કામ હુકમ ઉપર મુકવા માટે વિનતી કરેલી જે અરજી સુનાવણી ઉપર રાખ્યા બાદ સદરહુ અરજી મંજુર કરીને આ કામ હુકમ માટે મુકરર કરવામાં આવેલુ છે.

(૩) આ કામે અરજદારની અરજી, તેઓનું સોગદનામું અરજદાર તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજો સામાવાળા સંસ્થાનો જવાબ, સામાવાળા સંસ્થા

તરફથી રજુ કરવામાં આવેલા દસ્તાવેજો તથા સમગ્ર કેસનું રેકોર્ડ ધ્યાને લેતાં મારા ન્યાયનિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર તેઓની આંક ૧ ની અરજીના પેરા ૯(અ) અને ૯ (ક)માં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થાય છે કે કેમ ?

(૨) આખરી શો હુકમ ?

આ કામે સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા આ કામના અરજદાર સામાવાળા સંસ્થામાં નોકરી કરતા હતા તે બાબતે અંગે કોઈ તકરાર જણાતી નથી.

અરજદાર તરફથી તેઓની અરજીમાં સામામવાળા પાસેથી જુલાઈ – ઓગસ્ટનો ૨૦૧૫ નો કરેલા કામનો પગાર જાન્યુઆરી ૨૦૧૪ થી ડીસેમ્બર ૨૦૧૪ સુધીનો દૈનિક સીંગલ પ્રમાણે ચુકવેલ છે જેથી ડબલ પ્ર માણે ઓવરટાઈમ રકમ, હકક રજાને રોકડમાં વળતર સને– ૨૦૧૪ થી ૨૦૧૫ માં આપેલ નથી તે તથા બોનસ સને ૨૦૧૪ ની રકમની માંગણી કરેલી છે.

આ કામે સામાવાળા તરફથી લેખિત જવાબ રજુ કરવામાં આવેલો છે જે વિગતવાર જવાબ આ કામે યથા યોગ્ય સ્થાને જણાવેલો છે અને તેમાં સાામાવાળા તરફથી અરજદારે આ અરજીમાં જે રકમની માંગણી કરેલી તે મેળવવા માટે હકકદાર થતા નથી તેવુ જણાવેલું છે. અરજદારે સંસ્થામા ૪ વર્ષ અને ૮ માસ કામગીરી કરેલી છે અને અરજદાર સપ્ટેમ્બર ૨૦૧૫ થી તા. ૯/૧ ૨/૧૫ સુધી એટલે કે ૩ માસ અને ૧૦ દિવસ સુધી સતત ગેરહાજર રહેલા અને તેઓ સ્વેચ્છાએ રાજીનામું આપી છુટા થયેલા છે તેવુ જણાવેલું છે. આ કામે અરજદાર તરફથી આંક ૬ થી આંક ૧ ની અરજીમાં જણાવેલી વિગતોને સમર્થન આપેલ છે. આ કામમાં સામાવાળાએ જવાબ રજુ કર્યા બાદ હાજર થયેલ નથી. ઉલટતપાસ અરજદારની કરેલી નથી. કે સંસ્થા તરફથી પુરાવો રજુ કરેલો

નથી કે દલીલો કરેલ નથી.

જેથી અરજદારની અરજીમાં જણાવેલી વિગતો હાલના તબકકે સંસ્થાના જવાબ સીવાય નથી. સંસ્થા તરફથી તેમના જવાબના સમર્થનમા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. તે સંજોગોમાં હાલના તબકકે અરજદારે તેઓની જે અરજીમાં જે વિગતો જાણવેલી છે તેના સોગદનામાંથી સમર્થન આપેલ છે તે પડકારેલ નથી. જેથી તે ન માનવાને કોઈ કારણ નથી. જેથી અરજદારે અરજીમાં જણાવેલી વિગતે સામાવાળા પાસેથી જુલાઈ, ઓગસ્ટ ૨૦૧ ૫ નો કરેલા કામનો બાકી પગાર રૂ. ૯૦૦૦/– સને ૨૦૧૪ થી ૨૦૧૫ સુધીના હકક રજાની રકમ રૂ. ૩,૯૦૦/– જાન્યુઆરી થી ડીસેમ્બર ૨૦૧૪ સુધીના ઓવરટાઈમના તફાવતની રકમ રૂ.૪૬,૮૦૦/– સને ૨૦૧૪–૨૦૧૫ ના નહી ચુકવી આપેલ બોનસની રકમ રૂ. ૭,૮૦૦/– તેમ મળી સામાવાળા પાસેથી રૂ. ૬૭,૫૦૦/– વસુલ લેવા માટે હકકદાર થતા હોવાનું આથી ઠરાવામાં આવે છે.

આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચા અને અવલોકનને આધારે આ કામે નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**: હુ ક મ :**

**૧.** અરજદારની રીકવરી અરજી નં.૩૩૧/૨૦૧૬ આથી અશંત મંજુર કરવામાં આવે છે. અરજદારની સામાવાળા સંસ્થા પાસે જુલાઈ, ઓગસ્ટ ૨૦૧૫ નો કરેલા કામનો બાકી પગાર રૂ. ૯૦૦૦/– સને ૨૦૧૪ થી ૨૦૧૫ સુધીના હકક રજાની રકમ રૂ. ૩,૯૦૦/– જાન્યુઆરી થી ડીસેમ્બર ૨૦૧૪ સુધીના ઓવરટાઈમના તફાવતની રકમ રૂ.૪૬,૮૦૦/– સને ૨૦૧૪–૨૦૧૫ ના નહી ચુકવી આપેલ બોનસની રકમ રૂ. ૭,૮૦૦/– તેમ મળી સામાવાળા પાસેથી રૂ. ૬૭,૫૦૦/– વસુલ લેવા માટે હકકદાર થતા હોવાનું આથી ઠરાવામાં

આવે છે. જેથી સામાવાળાએ આ હુકમની નકલ  મળ્યેથી દિન ૩૦ માં સદરહું રકમ અરજદારને ચુકવી આપવી.

**૨.** કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં સામાવાળા સંસ્થાએ અરજદારના ખર્ચના રૂા. ૫,૦૦૦/– ઉપરોકત સમયમર્યાદામાં ચુકવી આપવા.

તારીખ : ૧૧/૦૭/૨૦૧૯.

(કુ.છાયાબેન લાભશંકર મહેતા)
**Code : GJ00777**
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં.૭, અમદાવાદ.

સ્થળ : અમદાવાદ.

**A.J. PATEL :P.A.**